તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૯૬ | ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૬, સોમવાર ; ભાદરવા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
26

# ઉરી હુમલાખોરોને છોડાશે નહીં

**ઉરી હુમલા બાદ લોકોમાં આક્રોશ જનચેતનાના પ્રતિક તરીકે છે : આક્રોશને યોગ્ય ઠરાવીને લોકોને સૂચન કર્યા : ૧૯૬૫ના યુદ્ધ વેળા શાસ્ત્રીએ જય જવાન, જય કિસાનનો નારો આપીને ગુસ્સાને સકારાત્મક દિશા આપી : નરેન્દ્ર મોદી**



નવીદિલ્હી,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમ મારફતે આજે લોકો સાથે ૨૪મી વખત વાત કરી હતી. સંબોધન દરમિયાન મોદીએ ઉરીમાં થયેલા આતંકવાદી હુમલાથી લઈને કાશ્મીરમાં જારી હિંસા, સ્વચ્છ ભારત અભિયાન, પેરાલિમ્પિકમાં ભારતને મળેલી શાનદાર સફળતા જેવા વિષય ઉપર વાત કરી હતી. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ વેસ્ટ ટુ વેલ્થ અભિયાન સાથે જોડાઈ જવા અને આર્થિક નિર્ભરતા હાસલ કરવા મોદીએ યુવાનોને અપીલ કરી હતી. મોદીએ સંબોધનની શરૂઆત ઉરી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપીને કરી હતી. આ વિષય ઉપર વાત કરતા તેમણે કહ્યું હતું કે, આ મુદ્દા વાત કરવા તેમને સલાહ પણ મળી હતી. મોદીએ કહ્યું હતું કે, ઉરીમાં હુમલામાં શહીદને ગુમાવનાર પરિવારને જ નહીં બલ્કે દેશને પણ આનાથી નુકસાન થયું છે. મોદીએ ખાતરી આપતા કહ્યું હતું કે, દોષિતોને છોડવામાં આવશે નહીં. સેનાના પરાક્રમની પ્રશંસા કરતા તેમણે કહ્યું હતું કે, સેનાના જવાન ઘુસણખોરો અને દેશની સામે કોઈપણ પ્રયાસને કોઈપણ સ્થિતિમાં

● અનુસંધાન પાન-૭ પર

## પતાંજલિ દ્વારા યુપીમાં ફુડ પાર્ક બનાવાશે

નવીદિલ્હી,તા. ૨૫

યોગગુરુ બાબા રામદેવ દ્વારા પ્રમોટેડ પતાંજલિ આયુર્વેદ ઉત્તર પ્રદેશમાં નોઈડામાં હર્બલ ફુડ પાર્ક સ્થાપિત કરવા માટે ટૂંકમાં જ ૧૬૦૦ કરોડ રૂપિયાના રોકાણની જાહેરાત કરશે. સ્થાનિક અને સાથે સાથે વૈશ્વિક માંગને પહોંચી વળવાના હેતુસર હર્બલ ફુડ પાર્ક સ્થાપિત કરવામાં આવનાર છે. ઉત્તર પ્રદેશના એક અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે, પ્રોજેક્ટને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ટૂંકમાં જ પતાંજલિ આયુર્વેદ દ્વારા આની જાહેરાત કરવામાં આવશે.

## પર્વોની મોસમમાં ઈ-કોમર્સ કંપની વચ્ચે ગળાકાપ સ્પર્ધા

**તીવ્ર સ્પર્ધાથી ગ્રાહકોને સીધો ફાયદો થશે માર્કેટ હિસ્સેદારીને લઇને ફ્લિપકાર્ટ અને એમેઝોન વચ્ચે ગ્રાહકોને આકર્ષિત કરવા સ્પર્ધા**



નવીદિલ્હી,તા. ૨૫

દિવાળી પહેલા ઈ-કોમર્સ કંપનીઓ વચ્ચે તહેવારની સિઝનના વેચાણને લઈને મચી ગયેલી સ્પર્ધાનો સીધો લાભ લોકોને થવાની શક્યતા દેખાઈ રહી છે. કંપનીઓની વચ્ચે હાલમાં માર્કેટ હિસ્સેદારીને લઈને જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. ગ્રાહકોને પોતાની તરફ આકર્ષિત કરવા જુદી જુદી ઓફરો આપવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં ગ્રાહકો માટે તહેવારની મજા બે ગણી થવાની શક્યતા દેખાઈ રહી છે. ફ્લિપકાર્ટ અને એમેઝોન વચ્ચે આ સ્પર્ધા માર્કેટ લીડરશીપની દ્રષ્ટિએ પણ ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે પરંતુ આમા સૌથી વધારે ફાયદો કસ્ટમરોનો થઈ શકે છે. ફ્લિપકાર્ટે પોતાના બિગ બિલિયન ડે ઈવેન્ટને બીજી ઓક્ટોબરથી છ ઓક્ટોબર સુધી ચલાવવાની જાહેરાત કરી છે. આની

● અનુસંધાન પાન-૭ પર

# દશેરા પૂર્વે રેલ કર્મચારીઓને બોનસ

**રેલવે કર્મચારીઓને બોનસ તરીકે ૭૮ દિવસનો પગાર મળી શકે છે : ૭૮ દિવસના પગારનો મતલબ એ થયો કે દરેક કર્મચારીને ૧૮૦૦૦ રૂપિયા મળશે**

નવીદિલ્હી,તા. ૨૫

તહેવારની સિઝન આડે ગણતરીના દિવસો રહી ગયા છે ત્યારે કયા વિભાગના કર્મચારીઓને કેટલું બોનસ મળશે તેને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ રેલવેના કાર્મચારીઓને આ વર્ષે બોનસ તરીકે ૭૮ દિવસના પગારનો હિસ્સો મળશે. નાણાંકીય કટોકટી હોવા છતાં છેલ્લા ચાર વર્ષમાં પણ બોનસની રકમ આટલી જ આપવામાં આવી છે. નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન રેલવેમેન જનરલ સેક્રેટરીના કહેવા મુજબ રેલવે કર્મચારીઓ માટે આ વર્ષે ૭૮ દિવસના બોનસની માંગ કરવામાં આવી હતી. પ્રોડક્ટીવીટી લિંક્ડ બોનસ (પીએલબી) તરીકે ૭૮ દિવસના પગારની માંગ કરવામાં આવ્યા બાદ આ રકમ મળે તેવી શક્યતા છે. સરકાર દ્વારા આગામી સપ્તાહમાં આની જાહેરાત કરી દેવામાં આવશે. દશેરા પર્વ પહેલા દર વર્ષે

● અનુસંધાન પાન-૭ પર





મણિયારો તે આયો... - હવે માત્ર ગણતરીના કલાકોમાં રાસ-ગરબાનો ઉત્સવ રાજ્યભરમાં આરંભાશે... ગામે-ગામ, શહેરે-શહેર ગરબાની અને રાસની તડામાર તૈયારીઓ ચાલી રહી છે... નવરાત્રિ વિશ્વનો સૌથી લાંબો નૃત્યોત્સવ છે... આ ઉત્સવમાં જોડાવા અબાલ-વૃદ્ધ સૌ થનગની રહ્યા છે... ગુજરાતણ ગરબે ઘુમતી હોય અને મરદ મુછાળો રાહડો રમતો હોય એ દૃશ્ય જોવાનું સૌને ગમી જાય છે... ગુજરાતના લોકજીવનમાં લોકપ્રિય બનેલો રાસ મણિયારો.... આજે પણ એટલો જ પ્રસ્તુત છે... જેને નિહાળતા જ જોમ અને જુસ્સો આપો આપ પ્રગટી જાય છે....

# પાક સાથે જોડાયેલી ગુજરાત સરહદો હજુય સુરક્ષિત નથી

**વાડ બનાવવાનું કામ હજુ પણ અધુરુ રહ્યું છે : સંરક્ષણ બજેટમાં અબજોનો ખર્ચ છતાં ૨૪૯ કિમી સરહદ બિન સુરક્ષિત : સાંસદો ગંભીરતાથી મુદ્દો ઉઠાવતા નથી**

અમદાવાદ,તા. ૨૫

ઉરીમાં ત્રાસવાદી હુમલા બાદ પાકિસ્તાન સાથે જોડાયેલી ભારતીય સરહદો ઉપર એલર્ટની જાહેરાત કરવામાં આવી છે પરંતુ પાકિસ્તાન સાથે જોડાયેલી ગુજરાતની સરહદ પર હજુ પણ સુરક્ષાનો અભાવ દેખાય છે. પાકિસ્તાન સાથે જોડાયેલી સરહદની સુરક્ષા ભગવાન ભરોસે દેખાઈ રહી છે. કચ્છ સરહદ પાકિસ્તાની ઘુસણખોરી માટે જાણીતી રહી છે. હાલમાં પગલા લેવાયા હોવા છતાં પાકિસ્તાન સાથે જોડાયેલી ગુજરાત સરહદને ખુલ્લી છોડી દેવામાં આવી છે. હાલમાં જ ઉરીમાં ભીષણ ત્રાસવાદી હુમલો થઈ ચુક્યો છે. ગુજરાત પાકિસ્તાન સાથે ૫૧૨ કિમીની સરહદ ધરાવે છે પરંતુ માત્ર ૩૪૦ કિમી સરહદ ઉપર જ વાડ બનાવવાની મંજુરી આપવામાં આવી છે. આટલા વર્ષોમાં માત્ર ૨૬૨.૭૦ કિમી સરહદ ઉપર જ વાડ બનાવવામાં આવી છે. હજુ સુધી ૭૮ કિમી ઉપર વાડ





બનાવવાનું કામ બાકી છે. સંરક્ષણ બજેટમાં અબજો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં વાડ બનાવવાના કામ બાકી રહી ગયા છે. ૨૪૯ કિમી હજુ પણ બિનસુરક્ષિત રહેલી છે. ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર સંસદમાં ૨૬ સાંસદો છે પરંતુ કોઈએ પણ આને ગંભીરતાપૂર્વક મુદ્દાને ઉઠાવ્યો નથી. ભાજપ સરકારને પણ સત્તામાં આવ્યાને બે વર્ષથી વધુનો ગાળો થઈ ગયો છે પરંતુ ગુજરાતની સરહદ ઉપર વાડ બનાવવાનું કામ ગતિ પકડી રહ્યું નથી. લોકસભામાં અમદાવાદના સાંસદ કિરીટ સોલંકીએ આ મુદ્દો ઉઠાવ્યો હતો પરંતુ પરિણામ મળ્યા ન હતા. હાલમાં તાકિદના ધોરણે ધ્યાન આપવાની જરૂર છે. કારણ કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો તંગ બનેલા છે તથા ત્રાસવાદીઓ તક મળતા ઘુસણખોરી કરી શકે છે.

# યુનેસ્કોની ટીમની સરપ્રાઈઝ વિઝીટને પગલે તંત્ર સાવધાન

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ શહેરને વિશ્વકક્ષાના હેરીટેજ સિટી તરીકે સ્થાન આપવું કે કેમ તેનો નિર્ણય કરતા અગાઉ યુનેસ્કોની ટીમ શહેરના કોટ વિસ્તારમાં આવેલા અન્ય હેરિટેજ મોન્યુમેન્ટસની મુલાકાતની સાથે ત્રણ દરવાજા અને ભદ્ર પ્લાઝાની પણ મુલાકાત લેવાની છે તે સમાચાર મળતાની સાથે મ્યુ.અધિકારીઓની ગભરામણ વધી ગઈ છે. કેમકે તેમણે સેપ્ટને લાખ્ખો રૂપિયાની ફી લઈને જે ડોઝીયર યુનેસ્કોમાં સબમીટ કરાવ્યું હતું તેમાં ભદ્ર પ્લાઝાનું જે રૂડુરૂપાળુ ચિત્ર બતાવ્યું છે તેનાથી વિપરીત ચિત્ર હાલ જોવા મળી રહ્યું છે.

આજ કારણે આ પાથરણાવાળાઓને મ્યુનિ તરફથી એવો આદેશ કરવામાં આવ્યો છે કે, રાત્રે તેમણે તેમનો સામાન ઘેર લઈને જવો.

જો કે સત્તાવાળાઓએ અત્યારથી જ અંદરખાને હાર સ્વીકારી લીધી હોવાનું ચિત્ર જોવા મળી રહ્યું છે.આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદને વિશ્વકક્ષાના શહેરનો દરજ્જો આપવો કે કેમ તે અંગે નિર્ણય કરવા યુનેસ્કોની ટીમ અમદાવાદ આવી પહોંચી હોવાનું બિનસત્તાવાર સૂત્રો તરફથી જાણવા મળ્યું છે.









